No. of Printed Pages : 4 **BGULA-135**

# B.A. General (BAG)

# Term-End Examination

# December, 2024

## BGULA-135 : Modern Indian Language : GUJARATI

*Duration : 3 Hours* *Maximum Marks: 100*

છાપવામાં આવેલ પૃષ્ઠોની સંખ્યા : 4 **BGULA-135**

# બી.એ. સામાન્ય (BAG)

# ટર્મ–એન્ડ એકઝામિનેશન (સત્રાંત પરીક્ષા)

# ડિસેમ્બર – 2024

## BGULA-135 : આધુનિક ભારતીય ભાષા : ગુજરાતી

સમય : *3* કલાક મહત્તમ અંક : 100

---

**નોંધ :** 1. સૂચના પ્રમાણે બધા પ્રશ્નોના જવાબ આપો.

2. આ પ્રશ્નપત્રમાં કુલ આઠ પ્રશ્નો છે.

---

P. T. O.

Downloaded from www.IGNOUBABA.com

1. નીચેનામાંથી કોઈ એક વિશે નિબંધ લખો. 10

   1 આપણી ચૂંટણી પ્રથા

   2 આતંકવાદ

   3 સ્વચ્છ ભારત મિશન

   4 નારી તું નારાયણી

2. (a) તમારી કોલેજમાં વાર્ષિકોત્સવની ઊજવણી થઈ, તેનો અહેવાલ તૈયાર કરો. 5

   (b) નીચેના પરિચ્છેદનું સંક્ષેપીકરણ કરો. 5

   વિકલાંગ માણસ જગતને ભારરૂપ છે એવી લાગણી અર્થહીન છે. જોવા જઇએ તો ભારરૂપ અસંખ્ય માણસો જડશે, જે કેવળ પરોપજીવી જ નહિ, સમાજ દ્રોહી પણ હોય છે. અપંગ વ્યક્તિમાં નિષ્ઠા અને સંકલ્પશક્તિ હોય અને તેને યોગ્ય દોરવણી મળે તો સતત પુરુષાર્થ વડે તે સમાજની ઉત્તમ સેવા કરી શકે. અપંગની સેવા દ્વારા આપણા ઘણા સામાજિક ગુણો વિકસે છે. માનવતાની, સામાજિક જીવનની આ કેળવણી તત્વતઃ ધાર્મિક કેળવણી છે. આવા સંસ્કાર પૂર્વગ્રહોને ઓગાળે છે. માનવતાના અભ્યાસથી આપણે વધારે સારા થઈ શકીશું વિશ્વમાનવ કે પરમપિતાનાં સાચાં સંતાન થઈ શકીશું. જે બીજાનાં દુઃખો જોતો નથી, જે બીજાની આરત સાંભળતો નથી, જે સંકટગ્રસ્તોની મદદે દોડી જતો નથી, તે જ અપંગ છે.

   – વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

3. (a) યોગ્ય જોડકાં જોડો. 5

| | | | |
|---|---|---|---|
| A | મારી હકીકત | (1) | રાજેન્દ્ર શાહ |
| B | પૂર્વાલાપ | (2) | ક.મા. મુનશી |
| C | પાટણની પ્રભુતા | (3) | સુરેશ જોશી |

Downloaded from www.IGNOUBABA.com

| | | | |
|---|---|---|---|
| D | ધ્વનિ | (4) | નર્મદ |
| E | જનાન્તિ કે | (5)) | 'કાન્ત' |

(b) ટૂંકમાં જવાબ આપો (ગમે તે પાંચ). 5

(1) 'નિપાત' એટલે શું?

(2) ગુજરાતીમાં કયા કયા અનુગો છે?

(3) લાભશંકર ઠાકરની કોઈ એક કૃતિનું નામ આપો.

(4) પ્રમોદકુમાર પટેલનો કોઈ એક વિવેકસંગ્રહ કહો.

(5) 'ઘર' નિબંધના લેખકનું નામ આપો.

(6) 'અમૃતા' નવલકથાના લેખકનું નામ આપો.

(7) ચંદ્રકાન્ત બક્ષીની કોઈ એક કૃતિનું નામ આપો.

(8) આધુનિક યુગનાં બે સ્ત્રી સર્જકોનાં નામ જણાવો.

4. કોઈ બે વિશે લખો. 10

(a) ગુજરાતી ભાષાનાં સ્પર્શ વ્યંજનો

(b) ગુજરાતી ભાષાનાં વિકાસની ભૂમિકાઓ

(c) ગુજરાતી ભાષાનું શબ્દભંડોળ

5. કોઈ બે વિશે લખો. 10

(a) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશેષતાઓ

(b) મીરાંનાં પદો

(c) અખાના છપ્પા

6. કોઈ બે વિશે લખો. 10

(a) નર્મદ – દલપતની કવિતા

(b) કલાપીનું જીવન–કવન

P. T. O.

Downloaded from www.IGNOUBABA.com

(c) સરસ્વતીચંદ્રનું પાત્રાલેખન

7. કોઈ બે વિશે લખો. 10

(a) 'સુંદરમ'ની કવિતા

(b) 'માનવીની ભવાઈ'

(c) અનુગાંધી યુગની કવિતાના વિશેષો

8. કોઈ છ વિશે લખો. 30

(1) મધ્યકાલીન સાહિત્ય સ્વરૂપો જણાવી કોઈ એક સ્વરૂપ વિશે લખો.

(2) સોનેટ અને ગીતના લક્ષણો

(3) એકાંકી અથવા નવલિકાનાં લક્ષણો

(4) વિશેષણ, ક્રિયા વિશેષણ અને કૃદંતની વ્યાખ્યા આપી સમજાવો.

(5) 'ઘર' નિબંધની વિશેષતાઓ

(6) 'બારણે ટકોરા'નાં પાત્રોનો પરિચય

(7) 'પોસ્ટ ઓફિસ' શીર્ષક તપાસો

(8) નિશાની આપી વિરામચિહ્નો જણાવો

(9) વૈશ્ણવજનના લક્ષણો.

(10) નર્મદે ગાયેલી ગુજરાતી ગાથા.



Downloaded from www.IGNOUBABA.com